| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |


તા.૧૪/૦૧/૨૦૨૦ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૯૩/૨૦૨૦**

# પાસાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :

### પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી રામોલ પોલીસ

(૧)

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૬૨/૨૦૨૦ તા.૧૩/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી હસમુખભાઇ ઉર્ફે અસલો ઉર્ફે હસલો સ/ઓ વસંતભાઇ પરમાર ઉ.વ.૨૬ ધંધો.વેપાર રહે.મ.નં.ઇ.૧૨/૦૦૨ સુખ સાગર ચાર માળીયા સ્વસ્તીક ચાર રસ્તા પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૩/૦૧/૨૦૨૦ ના ક.૨૩/૩૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે



## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી રામોલ પોલીસ

**(૨)**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૫૮/૨૦૨૦ તા.૧૩/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી મુકેશ ઉર્ફે ડોલુ સ/ઓ ભોલુજી ગણેશજી ખટીક ઉ.વ.૨૩ ધંધો.મજુરી રહે.સંતોષીનગર વિભાગ-૧ રામરાજયનગર રામોલ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૩/૦૧/૨૦૨૦ ના ક.૨૩/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે



## સાબરમતી પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે  અમ્રુતલાલ સ/ઓ વનાજી નટ ઉ.વ.૨૩ રહે.નટવાસ ના છાપરા કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર મુળ વતન ગામ બામણીયો રાણીના ફલના જિ.પાલી રાજસ્થાન નાઓ વિરૂધ્ધ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૩ /૨૦૨૦ તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને તા.૧૪/૦૧/૨૦૨૦ ના રોજ પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬
(૩) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯



## ઓઢવ પોલીસ સ્ટેશન :

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "ગુલાબસિંહ અમરાજી ઝાલા, ઉ.વ.૪૨ રહે: નવી ઓડ, ટેકરાવાળો વાસ,સિંગરવા ગામ, તા-દસ્ક્રોઇ, જી-અમદાવાદ" તથા "પાલી ગુલાબસિંહ અમરાજી ઝાલા, ઉ.વ.૩૭ રહે: નવી ઓડ, ટેકરાવાળો વાસ,સિંગરવા ગામ, તા-દસ્ક્રોઇ, જી-અમદાવાદ નાઓ "જાહેરવ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમો વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે ગુલાબસિંહ અમરાજી ઝાલા નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/60(A)/20 તા.13/01/2020 અન્વયે તથા પાલી ગુલાબસિંહ અમરાજી ઝાલા નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/59(A)/20 તા.13/01/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીઓને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી આર.એ.ઝાલા તથા હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બ.નં.૭૫૮૯ તથા વુ.પો.કો માયાબેન રમેશભાઇ બ.નં.૩૫૧૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે ઓઢવ સિંગરવા ગામ પાસે આવતા વુ.પો.કો માયાબેન રમેશભાઇ નાઓની સચોટ બાતમી હકિકત આધારે સદરી પાસા અટકાયતીઓને તેઓના ઘરેથી પકડી લઇ તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી રાજકોટ જેલ તેમજ વડોદરા જેલ ખાતે પાસા અટકાયતીઓને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૩/૦૧/૨૦૨૦

# <u>ગુના નિવારણ શાખા</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.૧૩.૧.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ચલતા જતા રાહદારીઓના હાથમાથી મોબાઈલ ફોન ઝુટવી લુટ કરી લઈ જનાર તથા લોકોને પોતાના ઓટો રિક્ષામા પેસેંજર તરીકે બેસાડી તેઓને ચપ્પુ બતાવી મોઢા ઉપર બે ત્રણ લાફા મારી ખિસ્સામાથી મોબાઈલ ફોન તથા બન્ને હાથમા પહેરેલ સોનાની વીટી તથા રોક્ડા નાણાની લુટ કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સચીન ઉર્ફે ટાંકી ગોવિંદભાઈ મણીલાલ પટણી(ક્ટાડીયાવાળા) રહેવાસી- બ્લોક ન.૨૨ મ.ન.૭૦૦ ચોથો માળ શહેરી ગરીબ આવાસ યોજના વિજય મીલ પાસે નરોડા રોડ શહેરકોટડા અમદવાદ મુળરહે. મ.ન.૪૨ ચંદન નગર ચમનપુરા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સચીન ઉર્ફે ટાંકી ગોવિંદભાઈ મણીલાલ પટણી(ક્ટાડીયાવાળા) રહેવાસી- બ્લોક ન.૨૨ મ.ન.૭૦૦ ચોથો માળ શહેરી ગરીબ આવાસ યોજના વિજય મીલ પાસે નરોડા રોડ શહેરકોટડા અમદવાદ મુળરહે. મ.ન.૪૨ ચંદન નગર ચમનપુરા અમદાવાદ |

- અમદાવાદ શહેરના કૃષ્ણનગર તથા સરદારાનગર તથા એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી મો.સા.ઉપર આવી રાહદારી બહેનના ગળામાથી સોનાની ચેનની લુટ કરનાર તથા લોકોના ઘર આગળ પાર્ક કરેલ એક્ટીવાની ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો ૧.સુરેશ દેવરાજભાઈ ભાવરાવ મકેશ્વર(મરાઠી) રહેવાસી- ગંગાનગર ભરવાડના મકાનમા શાંતિ સોસાયટીની બાજુમા જી વોર્ડ સરદારનગર અમદાવાદ શહેર ૨. સુરુ ઉર્ફે સુરેશ ઉર્ફે સુર્યા સાજનભાઈ કાળીદાસ ચારણ(ગઢવી) રહેવાસી- ચારણવાસ ગાયત્રી સ્કુલની પાછળ એ વોર્ડ કુબેરનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ તથા રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સુરેશ દેવરાજભાઈ ભાવરાવ મકેશ્વર(મરાઠી) રહેવાસી- ગંગાનગર ભરવાડના મકાનમા શાંતિ સોસાયટીની બાજુમા જી વોર્ડ સરદારનગર અમદાવાદ શહેર |
|  | સુરુ ઉર્ફે સુરેશ ઉર્ફે સુર્યા સાજનભાઈ કાળીદાસ ચારણ(ગઢવી) રહેવાસી- ચારણવાસ ગાયત્રી સ્કુલની પાછળ એ વોર્ડ કુબેરનગર અમદાવાદ શહેર |

➢ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથેમળી એક્સંપ થઈ ગે.કા મડળી રચી લોકોની સાથે બોલાચાલી કરનાર તથા તલવાર વડે માથામા મારી ઈજા કરી આવી હિંસાત્મક પ્રવ્રુતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત ઉભી કરનાર માથાભારે અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે વિશાલ ગણેશભાઈ ચુનારા રહેવાસી-કંટોડીયાવાસ રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે

| | |
|---|---|
|  | વિશાલ ગણેશભાઈ ચુનારા રહેવાસી-કંટોડીયાવાસ રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર |

➢ આ ઉપરાંત મિલ્કત સબંધી, પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૭ ઇસમો મળી **કુલ્લે ૧૧ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, રાજકોટ, વડોદરા, ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# ઓટો રીક્ષા ચોરીના આરોપીની અટકાયત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

## તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ઓટો રિક્ષા ચોરને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે HS MCR તેમજ નાસતા ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ સવારના સમયે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વે.કોર્ડ.ના **લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે "એક ઇસમ કે જેણે શરીરે કાળા કલરનો શર્ટ તથા બ્લ્યુ કલરનું જીન્સ નું પેન્ટ પહેરેલ છે તે ઇસમ એક સી.એન.જી.ઓટૉ રિક્ષા લીલા-પિળા કલરની લાલ હુડ વાડી જેનો નંબર GJ-01-CX-2636 નો છે તે લઇને કાવ્યા રેસીડેન્સી ઠક્કરનગર કેનાલ ઉપરથી ઠક્કરનગર વેરા થઇ ઠક્કરનગર ચાર રસ્તા તરફ પસાર થનાર છે અને તે રિક્ષા અત્રેના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૩૮/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના કામે ચોરી ગયેલ ઓટૉ રિક્ષા છે" જે બાતમી આધારે સદરી ઇસમને ઠક્કરનગર વેરા પાસે છુટા છવાયા ગોઠવાઇ વોચ કરતા હતા તેવામાં કાવ્યા રેસીડેન્સી ઠક્કરનગર કેનાલનો બ્રીજ પાર કરતા-કરતા સદરી નંબરની ઓટૉ રિક્ષા આવતા જેમાં ઉપરોકત વર્ણન વાળૉ ઇસમ રિક્ષા ચલાવતો જણાયેલ જે સાથેના પંચોને દુરથી ઓળખી બતાવેલ અને વેરા તરફ રિક્ષા વળાવતા વોચમાં રહી પંચોની હાજરીમાં પકડી પાડી આરોપી પાસેથી ઓટૉ રિક્ષા (CNG) નંબર GJ-01-CX-2636 ની મળી આવેલ જે રિક્ષાના આધાર પુરાવા બીલો માંગતા પોતાની પાસે ન હોય અને ગલ્લા-તલ્લા કરવા લાગેલ અને સદરીની પૂછપરછ માં આરોપીએ ગઇ તા.૧૧/૦૧/૨૦૨૦ ના રોજ ઘરે એકલો રહેતો હોય અને કોઇ કામ ધંધો ન હોય પોતાનાજ ફ્લેટની પાર્કિંગમાં એક ઓટો રિક્ષા પડેલ હતી અને રાતના સમયે આજુ-બાજુમાં કોઇ ન જણાતા જેને ડુપ્લીકેટ ચાવી લગાવતા લાગી જતા તેની ચોરી છુપીથી ચોરી કરી લઇ ગયેલાનું જણાવેલ જે બાબતે અત્રેના પો.સ્ટે ખાત્રી કરતા કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૩૮/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય તે ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી આરોપીને તા.૧૩/૦૧/૨૦૨૦ ના ક.૧૧/૦૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે

તા.૧૩/૦૧/૨૦૨૦

**<u>આરોપીનું નામ-સરનામુ</u>:-** કમલેશ ઉર્ફે રિન્કુ સ/ઓ મુલચંદભાઇ લકપતસિંહ જાતે સિકરવાર ઉ.વ.૨૮ ધંધો-મજુરી રહે.મ.નં-સી/૧,ભાગીરથ ઇન્ટરસીટી બાપા સિતારામ ચોક નવા નરોડા પો.ચોકીની બાજુમાં કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ સોન તા.ખેરાગડ જીલ્લો-આગ્રા ઉત્તર પ્રદેશ

**<u>આરોપીનો પુર્વ ઇતિહાર</u>:-**

આ કામે આરોપી ધોરણ-૧૦ પાસ છે અને અગાઉ કૃષ્ણનગર પો.સ્ટે માં મારા-મારીના ગુન્હાઓમાં પકડાયેલ છે અને આજથી ચાર વર્ષ પહેલા જૂનાગઢ ખાતે પાસા ભોગવી ચુકેલ છે અને હાલ છુટક મજુરી કરતો હોય આ ચોરી કરેલ જે ઓટો રિક્ષા સાથે ઉપરોકત ગુન્હામાં પકડાયેલ છે

**<u>મુદ્દામાલ</u>** :- એક CNG ઓટૉ રિક્ષા લીલા-પિળા કલરની લાલ હુડ વાડી જેનો નંબર GJ-01-CX-2636 જેનો ચે.નં.MD2AA24 ZZUNF579 80 તથા એન્જીન નં-24MBUF70945 નો જોતા વંચાય છે જે સને ૨૦૧૧ ના મોડલ જેની હાલની કિ.રૂ. ૧,૫૦,૦૦૦/-ની ગણી શકાય તે

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૯૯ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદુનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩

<u>આરોપીનો ફોટો</u>



# <u>ચાઇનીઝ દોરીનું વેચાણકરતા આરોપીની અટકાયત</u>

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

## <u>પ્રતિબંધીત ચાઇનીઝ દોરી સાથે આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ સ્કોડ</u>

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમાં બહારથી ઘાતક ચાઇનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂં મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉત્તરાયણ તહેવાર અનુસંધાને ચાઇનીઝ દોરીનું વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સુચના આપેલ જે માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સ.ઇ.વી.ડી.ડોડીયા તથા તથા એ.એસ.આઇ.ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૭૫૭૦ તથા અ.હે.કો અજીતસિહ પ્રભાતસિહ બ.નં-૪૧૨૮ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા પો.કો.ખેમરાજદાન ભીમસંગ બનં-૧૩૧૫૬ તથા અ.પો.કોન્સ.દશરથસિહ કરશનભાઇ બ.નં-૧૩૧૭૫ તથા લોક રક્ષક ઇરફાન કાસમભાઇ બ.નં.૮૮૭૪ તથા અનાર્મ લોકરક્ષક વિરભદ્રસિંહ ખુમાનસિંહ બ.નં.૦૪૭૬ તથા લોકરક્ષક કુલદીપસિંહ રાજેન્દ્રસિંહ બકલ નંબર : ૦૨૬૩.તથા વુ.લોકરક્ષમમતાબેન જટાશંકર બ.નં-૧૩૨૬૪ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના <u>અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮</u> નાઓને ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ગામ મોઇનપાર્કની બાજુમાં મહમદી સ્ટોલની પાછળ પોતાનાં મકાન આગળ જાહેરમાં ખુલ્લી જગ્યામાં આરોપી બહેન નામે અસ્માબાનુ વા/ઓ યુસુફભાઇ ઉમરભાઇ મોદન ઉ.વ.૪૬ રહે,૭૧૯,રાવળ વાસના નાકે ,કે.ડી.મેડીકલની સામે મોઇનપાર્કની બાજુમાં સરખેજ ગામ અમદાવાદ શહેર નાઓને <u>કુલ-૧૭ રીલ મળી કુલ્લે કિં-રૂ.૨૭૦૦/- ની મતાના મુદામાલ સાથે</u> પકડી અટક કરી સરખેજ પો.સ્ટે ગુ.ર.નં-૩૦૩૫/૨૦ ધી ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા જી.પી.એકટ-૧૯૫૧ ની કલમ-૩૩,૧૧૩,૧૧૭,૧૩૧ મુજબ પ્રતીબંધીત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ સારી કામગીરી કરેલ છે.

## ઓઢવ પોલીસ સ્ટેશન :

## ચાઇનીઝ દોરી શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ ઉત્તરાયણના તહેવાર અનુસંધાને પ્રતિબંધીત સ્કાયલેંટર ટુક્કલ તેમજ ચાઇનીંઝ દોરીના ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઈ.આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા અ.હે.કો. દિલીપસિંહ કિશોરસિંહ બ.નં.૭૫૮૯ તથા અ.હે.કો. અજીતભાઇ ભીખાભાઇ બ.નં.૪૨૯૪ તથા પો.કો. સંદીપભાઇ જયંતિભાઇ બ.નં.૧૦૧૬૩ તથા અ.પો.કો. ત્રિપાલસિંહ રઘુવીરસિંહ બ.નં.૪૭૯૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. સંદીપભાઇ જયંતિભાઇ તથા લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે ઓઢવ વિરાટનગર રોડ ઇન્દીરાનગરના કાચા છાપરાના નાકેથી આરોપીઓ નરેશભાઇ સોમાભાઇ પોપટભાઇ પટણી ઉ.વ. ૩૦ રહે : પુનમભાઇ મારવાડીના મકાનમા, ઇન્દીરાનગરના કાચા છાપરા, વિરાટનગર રોડ, ઓઢવ અમદાવાદ શહેર નાઓને તા-૧૩/૦૧/૨૦૨૦ ના ક.૧૪/૧૫ વાગે ચાઇનીઝ દોરીના ટેલર નં-૧૩ કિ.રૂ.૨૬૦૦/ ના મત્તાનુ વેચાણ કરતા મળી આવેલ હોય તેઓ વિરૂધ્ધ ઇ.પી.કો કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ ૧૧૭, ૧૩૧ મુજબ કાયદેસર કાર્યવાહી કરી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૧૩/૦૧/૨૦૨૦.

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## આગામી ઉત્તરાયણ તહેવાર નિમીતે સિન્થેટીક મટીરીયલ્સથી બનેલ ચાઇનીઝ દોરીના ૩ રોલ સાથે એક ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે આજરોજ તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે આગામી ઉતરાયણના તહેવાર સબંધે ચાઇંનીઝ દોરી વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કેશો શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે ચમનપુરા સર્કલ પાસે કડીયાની ચાલી આગળ રોડ ઉપર એક ઇસમ સિન્થેટીક મટીરીયલ્સથી બનેલ ચાઇનીઝ દોરીના રોલ કુલ-03 જે એક નંગની કિંમત રૂ-૪00/- લેખે કુલ્લે-03 રોલની કિ.રૂ.૧૨00/- ની રાખી મે.પોલીસ કમીશ્નર શ્રી ની કચેરીના જાહેરનામા ક્રમાંક-વિશેષ શાખા/એચ સેક્શન/મકર સંક્રાંતિ/પરમીટ/૮૧૩/૨૦૧૯ તા.૧૨/૧૨/૨૦૧૯ નો ભંગ કરી મળી આવતા તેના વિરુધ્ધમાં ધી ઇપીકો કલમ-૧૮૮ તથા જીપીએક્ટ કલમ-૧૧૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપીનું નામ ;-** વિજયભાઇ ઉર્ફે ગલબો લક્ષ્મણભાઇ જાતે પટણી (સાગડીયાવાળા) ઉવ.૩૩ રહે-બ્લોક નં.૮ ઔડાના મકાનમા ચામુંડા બ્રીજ પાસે ચમનપુરા સર્કલ શાહીબાગ અમદાવાદ શહેર

**મુદ્દામાલ ;-** સિન્થેટીક મટીરીયલ્સથી બનેલ ચાઇનીઝ દોરીના રોલ કુલ-03 જે એક નંગની કિંમત રૂ-૪00/- લેખે કુલ્લે-03 રોલની કિ.રૂ.૧૨00/- નો મુદ્દામાલ મળી આવેલ છે.

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શીવસિંહ બ.ન.૯૬૬૭ તથા અ.હે.કો. લાલજીભાઇ શિવરામભાઇ બ.નં.૮૯૭૨ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભુપેન્દ્ર કરશનભાઇ બ.નં-૪૬૧૮ તથા અ.પો.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં-૫૬૮૨ તથા અ.પો.કો જગદીશભાઇ મોહનભાઇ બ.નં-૬૩૩૦ તથા અ.પો.કો સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં-૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ બ.નં-૮૮૨૧





## કાલુપુર પોલીસ સ્ટેશન :

## પ્રતિબંધીત પ્લાસ્ટિક/સિન્થેટીક મટીરીયલથી બનેલ ચાઈનીઝ દોરી સાથે આરોપીને પકડી પાડતી કાલુપુર પોલીસ

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમા બહારથી પ્રતિબંધીત પ્લાસ્ટિક/સિન્થેટીક મટીરીયલથી બનેલ ઘાતક ચાઈનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી આર.એફ.સંગાડા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ડી'' ડીવીઝન ડી.એચ.દેસાઇ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ કાલુપુર પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.ડી.વાળા સાહેબ નાઓએ આપેલ સુચના આધારે કાલુપુર બહાર ચોકી પો.સ.ઇશ્રી જે.એમ.પરમાર તથા હે.કો.મુકેશભાઇ જાયમલભાઇ બ.નં.૬૦૪૪ તથા પો.કો.સંદીપભાઇ બાબુભાઇ બ.નં.૪૯૨૦ તથા પો.કો. બળવંતસિંહ સરદારસિંહ બ.નં. ૬૫૬૫ તથા લોર. કિશોરકુમાર મગનભાઈ બ.નં. ૧૧૯૫૪ નાઓ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન હે.કો.મુકેશભાઇ જાયમલભાઇ બ.નં.૬૦૪૪ તથા પો.કો.સંદીપભાઇ બાબુભાઇ બ.નં.૪૯૨૦ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે કાલુપુર દરવાજાની અંદર આવેલ ભંડેરી પોળના નાકે જાહેરમાથી આરોપી બ્રિજેશ જયેશકુમાર દાણી (વૈષ્ણવ) ઉ.વ ૩૧ રહે, મ.નં. ૧૦૫૭ તોતળાજીની પોળ, મોચીનો ખાંચો, રાજામહેતાની પોળની અંદર કાલુપુર અમદાવાદ શહેર નાઓને પ્લાસ્ટિક/સિન્થેટીક મટીરીયલથી બનેલ ગેરકાયદેસર ચાઈનીઝ દોરી ના કુલ્લે ટેલરો નંગ-૧૯ કિ.રુ.૩,૮૦૦/- તથા એક્ટીવા ગાડી નં GJ-01-FX-8286 કિ.રૂ.૧૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૮૮૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે પકડી અટક કરી કાલુપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૬૨૦૦૦૦૮ ધી ઇપીકો કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ ૧૧૭ મુજબ પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે



## શાહપુર પોલીસ સ્ટેશન :

## પ્રતિબંધીત ચાઇનીઝદોરી સાથે આરોપીને પકડી પાડતી શાહપુર પોલીસ

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમા બહારથી ઘાતક ચાઇનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.અધિક પોલીસ કમિશ્નર સેકટર-૧ શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરઝોન-૨ શ્રી ધર્મેન્દ્રશર્મા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર એસ.કે.ત્રિવેદી"સી" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શાહપુર પોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીન સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટરશ્રી આર.જે.ચુડાસમા સાહેબ નાઓએ ઉતરાયણના તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાઇનીઝ દોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી પી.જે.સોલંકી સાહેબ નાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના મ.સ.ઈ. ઇસ્માઇલભાઈ ઇકબાઇલભાઈ બ.ન.7689 નાઓની ટીમના પો.કો. અતુલકુમાર જયેન્દ્રભાઈ બ.ન.2864 તથા પો.કો.અક્ષયકુમાર દશરથલાલ બ.ન.12856 તથા પો.કો. હાર્દિકકુમાર કોદરભાઈ બ.નં.1211 નાઓ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કો. અતુલકુમાર જયેન્દ્રભાઈ બ.ન.2864 તથા પો.કો.અક્ષયકુમાર દશરથલાલ બ.ન.12856 નાઓની સંયુકત બાતમી હકીકત આધારે શાહપુર સંદેશપ્રેસ બેચરસુથારનું ડહેલુ ઘ.નં. 402 આગળ જાહેરમાથી આરોપી હામિ લીયાકતહુસેન ઝુલાયા ઉવ-૨૦ રહે- મ.ન.402/બેચરસુથારનુ ડહેલુ, સંદેશ પ્રેસની બાજુમા રેટીયાવાડી શાહપુર અમદાવાદ શહેર નાઓને કુલ્લે-08 રોલની કિ રૂ. 1760/-ના મતાના મુદ્દામાલ સાથે પકડી અટક કરી શાહપુર પોલીસ સ્ટેશન ધી ઇપીકો કલમ ૧૮૮ તથા CRPC ૧૯૭૩ ની કલમ ૧૪૪ તથા જી.પી.એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(યુ),૧૧૩,૧૧૭,૧૩૧ મુજબ પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :

## ચાઈનીઝ દોરીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમને પકડતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ. શ્રી કે.સી.રાઠવા સાહેબ નાઓએ હાલમાં પો.સ્ટે.વિસ્તારમાં આગામી ઉત્તરાયણના તહેવાર અનુસંધાને પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, કાચથી પાયેલી દોરી તેમજ તુક્કલ વિગેરે કોઈ દુકાનદાર ગેરકાયદેસર વેચાણ કરતાં મળી આવે તો કાયદેસરની કાર્યવાહી આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કવૉડના પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો. દિનેશભાઈ જીવાજી નાઓની બાતમી આધારે આરોપી- પોપટભાઈ રામજીભાઈ પટણી (કતેરાવાળા) ઉ.વ.૭૨ રહે-જોગણીમાતાના કાચા છાપરા, રાજીયાપીર ની દરગાહની સામે, ભદ્રેશ્વર, સરદારનગર, અમદાવાદ શહેર નાઓને ભદ્રેશ્વર જોગણીમાતાના છાપરામાં ચોરી છુપીથી પ્રતિબંધિત ૧૭ ટેલર ચાઈનીઝ ચોરી મળી આવેલ. જે એક ટેલરની કિં.રૂ.૧૫૦/- લેખે કુલ-૧૭ ટેલર ની કિ.રુ.૨૫૫૦- ગણી શકાય તે પંચનામા વિગતે કબ્જે કરી સદરી ઈસમ વિરૂધ્ધ મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર કચેરીના જાહેરનામા ક્રમાંક-ગ/ઉપક/લાયસન્સ શાખા/03/૨૦૨૦ તા.0૬/0૧/૨૦૨૦ નો ભંગ કર્યા બદલ ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા જીપીએકટ કલમ-૧૧૭ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીઓના નામ : (૧) પોપટભાઈ રામજીભાઈ પટણી (કતેરાવાળા) ઉ.વ.૭૨ રહે-જોગણીમાતાના કાચા છાપરા, રાજીયાપીર ની દરગાહની સામે, ભદ્રેશ્વર, સરદારનગર, અમદાવાદ શહેર

મુદ્દામાલ : ૧૭ ટેલર ચાઈનીઝ દોરીની કિ.રુ.૨૫૫૦/- ગણી શકાય

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ

(૨) અ.હે.કો.દિનેશભાઈ જીવાજી બ.નં.૮૧૮૧

(3) અ.પો.કો.જગદીશકુમાર જયંતીલાલ બ.નં.૮૪૯3

(૪) અ.લો.ર.દશરથકુમાર અમૃતભાઈ બ.નં.૧૧૭૨૯

## નારોલ પોલીસ સ્ટેશન :

## પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનુ વેચાણ કરતા આરોપીને પકડી પાડતી

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર૨ તથા ના.પો.કમિશ્રી ઝોન૦૬ તથા મ.પો.કમિશ્રી .જે. ડીવીઝન નાઓએ અગામી ઉત્તરાયણ પર્વના આવનાર તહેવારને લઈને અમદાવાદ શહેર ખાતે મે.પો.કમિશ્રી નાઓએ ચાઈનીઝ દોરી ,કાચની પાયેલ દોરી વડે પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવતો હોય અને પર્યાવરણને નુકસાન કરતા હોય અને પશુ પક્ષીના જાનમાલને હાની પહોંચાડતા હોય જેથી આવા ચાઈનીઝ દોરી તેમજ ચાઈનીઝ તુક્કલ વિગેરેનુ ચોરી છુપીથી વેચાણ કરનાર ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોય જે અન્વયે ઉપરી કચેરી તરફથી આવા કેસો શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી નાઓની સુચના મુજબ સર્વેલેન્સ સ્કોડના પો.સબ.ઈન્સશ્રી જે.એસ.ચૌધરી તથા સાથેના સ્ટાફના માણસો તા૦૩/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ચિરાગપાર્ક સોસાયટી પાસે આવતાં પોલીસ સ્ટાફની સંયુકત બાતમી આધારે અલીફનગર સોસાયટીમાં મુસ્તુફા મસ્જીદની બાજુમાં અબ્દુલસાદીક અબ્દુલવહાબ અંસારી નાઓની પતંગની દુકાનમાં ચાઈનીઝ દોરીના રીલ (ટેલર૬ નંગ ૦૬ જે એક રીલ (ટેલર) ની કિ.રૂ.૧૫૦/- લેખે મળી આવેલ નંગ-૬ રીલ (ટેલર૬ ની કિ.રૂ.૯૦૦/-.ની મત્તાના ગેરકાયદેસર રીતે સંતાડી રાખી કોઈપણ જાતના વેચવા અંગે લાયસન્સ કે પરવાના વગર ગેરકાયદેસર વેચાણ કરતા મળી આવતા સદરી આરોપીઓને તા૦૩/૦૧/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે પકડી ધી ઈપીકો કલમ ૧૮૮ તથા જીપી એકટ કલમ ૧૭૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે

**આરોપીઓનુ નામ:** અબ્દુલ સાદીક અબ્દુલ વહાબ જાતે અંસારી ઉ.વ.૪૨ ધંધો.વેપાર રહે.મ.નં.૩, કાશિયાના સોસાયટી અલીફનગર સોસાયટીની સામે કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

સર્વેલેન્સ સ્કોડ પો.સબ.ઈન્સ.જે.એસ.ચૌધરી તથા સંયુકત બાતમી આપનાર પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા મ.સ.ઈ.નેભાભાઈ મેરામણભાઈ બ.નં.૭૮૦૭ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા બીજા સાથેના માણસો

